# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ‘દૂધ ઉત્પાદનના વ્યવસાયનો સૌથી વધુ લાભ દેશને થાય તે માટે સરકાર પ્રતિબદ્ધ.’
2. કેન્દ્રીય ગૃહમંત્રીs જણાવ્યું કે , ‘છેલ્લા 10 વર્ષમાં 35 હજાર કરોડ રૂપિયાના કેફી પદાર્થ પકડવામાં સફળતા મળી.’
3. રાજ્યમાં સુધારેલ બિનખેતી પરવાનગીની પ્રક્રિયા ત્વરિત અને પારદર્શક બનાવવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય
4. રાજ્યના આરોગ્ય વિભાગે પીએમ જેએવાય યોજનામાંથી અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ સહિત સાત હૉસ્પિટલને સસ્પેન્ડ કરી.
5. ગામડાઓને વધુ સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે આજથી રાજ્યવ્યાપી “આપણું શૌચાલય, આપણું ગૌરવ” અભિયાનનો પ્રારંભ

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH GUJARAT OVERALL -1

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યની મુલાકાતના બીજા દિવસે વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠાના હિમ્મતનગરમાં આવેલી સાબર ડેરીના પશુઆહારના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે ખેડૂતોને અને ખાસ કરીને મહિલાઓને પ્રાકૃતિક ખેતીને અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે, કર્કરોગ, મધુપ્રમેહ અને રક્તચાપની બિમારીથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક ખેતી જરૂરી છે. દૈનિક ૮00 મેટ્રિક ટન પશુઆહારના ઉત્પાદનની ક્ષમતાવાળા નવા પ્લાન્ટનું લોકાર્પણ કરતાં શ્રી શાહે જણાવ્યું કે, છ દાયકાથી કાર્યરત્ સાબર ડેરી આજે ત્રણ લાખ પચાસ હજાર પરિવારોની રોજીરોટી મેળવવાનું સાધન બની છે.

શ્રી શાહે ઉમેર્યું કે ‘સૌથી વધુ દૂધ ઉત્પાદનમાં પણ ભારત અગ્રેસર છે. ‘ગ્રામ્ય વિકાસ માટે વિશ્વમાં દૂધ ઉત્પાદનનો 10 લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય છે અને આ વ્યવસાયનો સૌથી વધુ લાભ ભારતને થાય તે માટે સરકાર પ્રતિબદ્ધ છે.’

## (બાઈટ- અમિત શાહ- કેન્દ્રીય ગૃહમંત્રી- સાબર ડેરી)

આ પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રીએ ગાંધીનગર ખાતે 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે, ‘છેલ્લા 50 વર્ષમાં દેશ અને વિશ્વમાં પરિવર્તન આવતાં પોલીસનું સ્વરૂપ બદલાયું છે.’ ‘છેલ્લા 10 વર્ષ દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તર-પૂર્વ અને નક્સલવાદ જેવા સૌથી હિંસા અસરગ્રસ્ત વિસ્તારોમાં 70 ટકા હિંસા ઓછી કરવામાં સફળતા મળી છે.

## AMIT SHAH GUJARAT OVERALL - 2

માદકપદાર્થના દૂષણને ડામવાના પ્રયાસના ભાગરૂપે છેલ્લા 10 વર્ષમાં 5 લાખ 45 હજારથી વધુ માદકપદાર્થો જપ્ત થયા છે.' તેમણે ઉમેર્યું કે, 'ગુનાખોરીને ડામવા કેન્દ્ર સરકારે ત્રણ નવા કાયદા અમલમાં મૂક્યા છે.'

### (બાઈટ- અમિત શાહ- કેન્દ્રીય ગૃહમંત્રી- માદકપદાર્થ)

આ પહેલા સૌપ્રથમ શ્રી શાહે આજે સવારે ગાંધીનગર ટપાલ વિભાગ દ્વારા યોજાયેલા જિલ્લા સ્તરના ફિલાટેલી એટલે કે, ટપાલ ટિકિટના સંગ્રહના પ્રદર્શન "ફિલાવિસ્ટા-2024"નો પ્રારંભ કરાવ્યો હતો. દરમિયાન શ્રી શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "ગાંધીનગરમાં સ્થાપત્ય કલા" વિષયવસ્તુ આધારિત વિશેષ ટપાલ "સ્પેશિયલ" કવરનું અનાવરણ પણ કર્યું હતું.

-----------------------------------

## AMIT SHAH SHELA TALAV

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદના શેલા ખાતે સરોવર અને ઉદ્યાનનું લોકાર્પણ કર્યું હતું. દરમિયાન તેમણે પદ્મભૂષણ રજનીકાન્ત શ્રોફના નામથી સરોવર અને ઉદ્યાનનું નામકરણ પણ કર્યું હતું. 21 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ સરોવરનું ખાતમુહૂર્ત શ્રી શાહે ત્રણ વર્ષ પહેલા કર્યું હતું.

--------------------------------

## REVISED BINKHETI MANJURI

રાજ્યમાં બિનખેતી થયેલી હોય તેવી જમીન પુનઃહેતુફેર માટે આવે ત્યારે પ્રવર્તમાન જંત્રી કિંમતના 10 ટકા વસૂલ કરીને જમીનને હેતુફેર બિનખેતી કરી શકાશે. રાજ્યમાં સુધારેલ બિનખેતી પરવાનગીની પ્રક્રિયા ત્વરિત અને પારદર્શક બનાવવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય મુજબ, કોઈ પણ હેતુ માટે અગાઉ પ્રીમિયમ વસૂલ કરવાપાત્ર હોવા છતાં પ્રીમિયમ વસૂલ થયા વિના બિનખેતી થઈ હોય તેવી જમીન પુનઃ હેતુફેર માટે આવતી જમીનને બિનખેતી કરી અપાશે. ઉપરાંત જે કિસ્સાઓમાં પ્રીમિયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયો હોય તેવા કિસ્સામાં આ નિર્ણય લાગુ નહીં કરવામાં આવે.

--------------

## REV. HOSPITAL SUSPEND

અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ બાદ સરકારે કાર્યવાહી કરી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યના આરોગ્ય વિભાગે પીએમ જેએવાય યોજનામાંથી અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ સહિત શિવ હૉસ્પિટલ, નારિત્વ – ટર્નિંગ પૉઈન્ટ હેલ્થકેર પ્રાઇવેટ લિમિટેડ, વડોદરાની સનશાઈન ગ્લૉબલ હૉસ્પિટલ, સુરતની સનશાઈન ગ્લૉબલ હૉસ્પિટલ, ગીરસોમનાથ જિલ્લાની શ્રી જીવનજ્યોત આરોગ્યસેવા સંઘ અને રાજકોટની

નિહીત બેબીકેર ચિલ્ડ્રન હૉસ્પિટલ એમ સાત હૉસ્પિટલને સસ્પેન્ડ એટલે કે, ફરજ-મોકૂફ કરવામાં આવી છે.

જ્યારે ખ્યાતિ હૉસ્પિટલના આરોપી તબીબ ડૉ. પ્રશાન્ત વઝીરાણી સહિત ડીસીએચ ડૉ. હિરેન મશરુ, રેડિએશન ઑન્કોલૉજિસ્ટ ડૉ. કેતન કલારિયા અને સર્જિકલ ઑન્કોલૉજિસ્ટ ડૉ. મિહીર શાહને સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર તરીકે ફરજ-મોકૂફ કરાયા છે.

........................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## World Toilet Day-Raghavji Patel

રાજ્યના ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ગામડાઓને વધુ સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા માટે આજથી રાજ્યવ્યાપી "આપણું શૌચાલય, આપણું ગૌરવ" અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.

ગાંધીનગર ખાતે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી નિમિત્તે શ્રી પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, દેશના ગામડાઓ વધુ સ્વચ્છ બને, ઘન કચરાનો યોગ્ય નિકાલ થાય, સુદ્રઢ ગટર વ્યવસ્થા હોય અને સ્વચ્છતા થકી નાગરિકોના આરોગ્યને વધુમાં વધુ ગુણવત્તાયુક્ત બનાવવાના હેતુથી આ અભિયાન શરૂ કરાયું છે.

શ્રી પટેલે ૪ સફાઈકર્મીઓને સન્માનપત્ર અને વ્યકતિગત શૌચાલયના 5 લાભાર્થીઓને મંજૂરીપત્ર પણ એનાયત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આગામી ૧૦ ડિસેમ્બર સુધી ચાલનાર આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

--------------

## World Toilet Day - District

જલ મંત્રાલય દર વર્ષે આજના દિવસે રાષ્ટ્રવ્યાપી વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે ઉજવણી કરે છે.

આજે રાજ્યભરમાં આ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં આમારુ શૌચાલય અમારું સન્માન હેઠળ મહેસાણા જિલ્લાના 128 સામુહિક શૌચાલયને કાર્યરત બનાવશે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા કલેકટર કચેરી ખાતે ઇન્ચાર્જ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં લાભાર્થીઓને શૌચાલય મંજૂરી હુકમ પત્ર એનાયત કરાયા હતા.

ડાંગ જિલ્લા કલેક્ટર મહેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લા કલેકટર નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે ડિસ્ટ્રીક્ટ વોટર એન્ડ સેનિટેશન મિશનની બેઠક મળી.

------------------------

## PATAN RAGGING CASE

પાટણમાં GMERS ધારપુર મેડિકલ કૉલેજમાં સતામણીથી વિદ્યાર્થીના મોતના કેસમાં જિલ્લા અદાલતે 15 આરોપીના આવતીકાલે સાંજ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, બાલીસણા પોલીસે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ માગ્યા હતા. પોલીસે ગઈકાલે રાત્રે 15 વરિષ્ઠ વિદ્યાર્થીઓના નિવેદન બાદ તેમની ધરપકડ કરી હતી. તમામ વિદ્યાર્થીઓને પોલીસમથકે રખાયા બાદ તેમને આજે જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ ડૉ. એચ. બી. જોષીની અદાલતમાં રજૂ કરાયા હતા.

તમામ દોષિત 15 વિદ્યાર્થીને કૉલેજ સત્તાવાળાઓએ અભ્યાસમાંથી સસ્પેન્ડ એટલે કે, બરતરફ કરવાનો નિર્ણય કર્યો છે.

---------

## BHARUCH ACCIDENT

રાજ્યમાં વિવિધ અકસ્માતની ઘટનામાં 10 મૃત્યુ નિપજ્યાં છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના મગદાણ ગામ નજીક ગઇરાત્રે ટ્રક અને વાન વચ્ચે અકસ્માત થતાં 7 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જંબુસર તાલુકાના વેડચ ગામનાં 11 લોકો વાનમાં ભરૂચના શુક્લતીર્થના મેળામાં જઇ રહ્યા હતા. દરમિયાન અકસ્માત સર્જાતા 7 લોકોના મૃત્યુ, અને 4 લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે.

અન્ય એક અકસ્માતમાં ભરૂચ જિલ્લામાં દિલ્હી મુંબઈ એક્સપ્રેસ ઉપર ત્રિપલ અકસ્માતમાં બેનાં મોત થયા છે. જિલ્લાના આમોદના દોરા ગામ નજીક આજે સવારે વિશ્રામગૃહ પાસે બે કાર અને એક ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં માતા અને પુત્રનું મૃત્યુ નીપજ્યું હતું. આમોદ પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકની શોધખોળ શરૂ કરી છે.

આ તરફ સુરતના પાલ પોલીસમથક વિસ્તારમાં ગોરવપથ રોડ પર અકસ્માતમાં ડમ્પરની અડફેટે વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટના બાદ પાલ પોલીસે ડમ્પરચાલકોની તપાસ કરી હતી.

----------------------------